બોર્ડર વિંગ હોમગાર્ડના પાર્ટટાઇમ
જવાનોને ગુજરાત સરકારના કર્મચારીઓ
જેવા લાભો આપવા બાબત

**ગૃહ વિભાગ,**
**ગુજરાત સરકાર**
**ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૨/૫૫૪/ફ**
**સચિવાલય,ગાંધીનગર**
**તારીખઃ૧૯/૪/૨૦૧૨**

**પ્રસ્તાવનાઃ-**

રાજયમાં સરહદ સુરક્ષા તથા દરીયાઇ સુરક્ષાને સુદ્રઢ બનાવવાના આશયથી પાલનપુર (બનાસકાંઠા), જામનગર, ભુજ-કચ્છ અને નલીયા-કચ્છ ખાતે બોર્ડરવીંગ હોમગાર્ડઝની ચાર બટાલીયનો ઉભી કરવામાં આવેલ હતી. બોર્ડરવીંગ હોમગાર્ડઝમાં ફરજ બજાવતા અંશકાલીન જવાનોને અનુક્રમે ચોથા, પાંચમા અને છઠ્ઠા પગારપંચનો લાભ આપી આ જવાનોને સ્ટેટ આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલના ધોરણે મીનીમમ બેઝીક તથા મોંઘવારી ભથ્થુ તથા વોશીંગ એલાઉન્સ ચુકવવામાં આવે છે. બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનો સતત ફરજો ઉપર રોકાયેલ હોવાના કારણોસર શ્રીગજાજી ગોપાલજી જાડેજા તથા અન્ય દ્વારા રાજય સરકારના કાયમી કર્મચારીઓની જેમ લાભો આપવા બાબતે ગુજરાત હાઇકોર્ટ સમક્ષ એસ.સી.એ.૧૦૮૯૨/2003 અને સંલગ્ન મેટરો દાખલ કરવામાં આવેલ. ગુજરાત હાઇકોર્ટનો એસ.સી.એ.૧૦૮૯૨/2003 તથા સંલગ્ન મેટરોમાં તા.૯/૨/૨૦૦૫નો ચુકાદો બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોની તરફેણમાં આવેલ. આ ચુકાદા સામે રાજય સરકાર દ્વારા નામદાર હાઇકોર્ટ સમક્ષ-એલ.પી.એ-૭૧૨/૨૦૦૫ તથા તેને સલગ્ન ગૃપમેટર્સ દાખલ કરવામાં આવેલ

હતી. સદરહું એલ.પી.એ.માં ગુજરાત હાઇકોર્ટેનો તા.૬/૪/૨૦૧૧ નો ચુકાદો બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોની તરફેણમાં આવતા રાજય સરકારે આ ચુકાદા સામે સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી.૧૭૧૪૩/૨૦૧૧ દાખલ કરેલ હતી. રાજય સરકારની રજુઆત અનુસાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગુજરાત હાઇકોર્ટના ચુકાદાના અમલ સામે મનાઇ હુકમ આપવામાં આવેલ નથી. પરંતુ એરીયર્સની ચુકવણી સબંધે નોટીસ ઇસ્યુ કરેલ છે. જે બાબત ધ્યાને લેતા નામ.હાઇકોર્ટના તા.૬/૪/૨૦૧૧ના ચુકાદા........

> ***" The current wages of the BWHGs concerned shall be calculated on the basis of their absorption in service of the State since 30-7-2003 and paid accordingly with all the increments and admissible allowances at par with the State armed Police."***

......અનુસાર બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે તમામ લાભો ચુકવી આપવાના રહે છે. નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતા બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોને સ્ટેટ આર્મ્ડ પોલીસના ધોરણે વેતન અને અન્ય ભથ્થાઓ ચુકવવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. રાજય સરકારે પુખ્ત વિચારણાના અંતે બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટટાઇમ જવાનોને ગુજરાત હાઇકોર્ટના ચુકાદા અનુસાર વેતન તથા અન્ય ભથ્થાઓ ચુકવવાનો નિર્ણય કરેલ છે.

**<u>ઠરાવઃ-</u>**

ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામાં આવેલ સ્પે.સી.એ.નં-૧૦૮૬૨/2003 તથા તે સાથે સંલગ્ન મેટરોમાં કૂલ-૧૨૮૫ પીટીશનરો હતા. એલ.પી.એ.નં-૭૧૨/૨૦૦૫ માં ડીવીઝન બેચના તા.૬/૪/૨૦૧૧ ના ચુકાદા અનુસાર બોર્ડરવીંગ હોમગાર્ડઝના આ

૧૨૮૫ પાર્ટટાઇમ જવાનોને તા.30/૭/૨૦03 ની અસરથી, રાજ્ય પોલીસના આર્મ્ડ જવાનોને મળવાપાત્ર વેતન અને અન્ય ભથ્થાઓ ચુકવવાનું રહે છે. પરંતુ ચુકાદાની તારીખે નીચે પત્રકમાં જણાવ્યા અનુસાર ૧૧૯૧ જવાનો અલગ અલગ સંવર્ગમાં ફરજ બજાવતા હતા.

| ક્રમ | જગ્યાનું નામ / વર્ગ | પગાર ધોરણ | પાલનપુર | ભુજ-કચ્છ | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | પ્લાટુન હવાલદાર (વર્ગ-૩) | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૪૦૦ | ૧૬ | ૧૬ | ૩૨ | કોમ્બેન્ટ |
| ૨ | પ્લાટુન નાયક (વર્ગ-૩) | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૨૦૦૦ | ૪૬ | ૪૯ | ૯૫ | કોમ્બેન્ટ |
| ૩ | લાન્સ નાયક/ ગાર્ડઝમેન (વર્ગ-૩) | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે-૧૮૦૦ | ૫૫૪ | ૪૮૬ | ૧૦૪૦ | કોમ્બેન્ટ |
| ૪ | રસોઇયા (કુક) (વર્ગ-૪) | ૪૪૪૦-૭૪૪૦ ગ્રેડ પે-૧૪૦૦ | ૦૯ | ૦૪ | ૧૩ | નોન કોમ્બેન્ટ |
| ૫ | વોટર કેરીયર (વર્ગ-૪) | ૪૪૪૦-૭૪૪૦ ગ્રેડ પે-૧૩૦૦ | ૦૮ | ૦૩ | ૧૧ | નોન કોમ્બેન્ટ |
| | | કુલઃ- | ૬૩૩ | ૫૫૮ | ૧૧૯૧ | |

**૨.** ઉપર પત્રકમાં જણાવેલ ૧૧૯૧ જવાનોને તેઓ તે સમયે જે સંવર્ગમાં ફરજ બજાવતા હતા, તે સંવર્ગ સામે દર્શાવેલ પગાર ધોરણ મુજબ પગાર તથા અન્ય ભથ્થાઓ તા.૬/૪/૨૦૧૧ થી રોકડમાં મળવાપાત્ર રહેશે.

**3.** નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૬/૪/૨૦૧૧ ના ચુકાદા અનુસાર બોર્ડરવીંગ હોમગાર્ડઝના આ ૧૨૮૫ પાર્ટટાઇમ જવાનોને તા.30/૭/૨૦03 ની અસરથી ઇજાફાના લાભો મળવાપાત્ર રહેશે. બોર્ડરવીંગ હોમગાર્ડઝના આ ૧૨૮૫ પાર્ટટાઇમ જવાનોને તા.30/૭/૨૦03 થી તા.૫/૪/૨૦૧૧ સુધીના મળવાપાત્ર લાભોની એરીયર્સની ચુકવણી કરવા બાબતે રાજ્ય સરકારની પીટીશન સુપ્રિમ કોર્ટમાં પડતર હોઇ આ પીટીશન પર આખરી હુકમ થાય ત્યાં સુધી આ સમયગાળાના કોઇ લાભો હાલ

રોકડમાં મળવાપાત્ર રહેશે નહીં. પરંતુ આ સમયગાળાના મળવાપાત્ર ઇજાફા, પગાર તથા અન્ય લાભોની નોશનલ ગણતરી કરીને તા.૬/૪/૨૦૧૧ થી પગાર અને ભથ્થા આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૪. આ ઠરાવ નામદાર સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ એસ.એલ.પી.૧૭૧૪૩/૨૦૧૧ ના આખરી ચુકાદાને આધીન રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૯/૪/૨૦૧૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(વિજય બધેકા)**
ઉપસચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
- ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ.એન્ડ ઇ) રાજકોટ/અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ-૧) રાજકોટ/(ઓડીટ-૨) અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર/કચ્છ-ભુજ.
- નાયબ સચિવશ્રી(સેવા), નાણાવિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- બટાલીયન કમાન્ડન્ટશ્રી, બટાલીયન નં-૧ પાલનપુર/બટાલીયન નં-૨ કચ્છ-ભુજ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, ગૃહવિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.